બીજો વાર્ષિક હિસાબો
૨૦૦૦ ~ ૨૦૦૧

ગુજરાત વીજળી નિયંત્રક આયોગ

પ્રથમ માળ, નેપ્ચ્યુન ટાવર,
આશ્રમ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના સને ૨૦૦૦–૦૧ ના ઓડીટ થયેલ વાર્ષિક હિસાબો પરનો અહેવાલ વિધાનસભા ગૃહના મેજ ઉપર મુકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન...............

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હેઠળના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના વર્ષ ૨૦૦૦–૦૧ ના વાર્ષિક હિસાબો એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ દ્વારા ૧૮ ડીસેમ્બર થી ૨૧ ડીસેમ્બર–૨૦૦૧ દરમ્યાન થયેલ, અને એ અંગેનો અહેવાલ તથા ઓડીટ સર્ટીફીકેટ મે–૨૦૦૨ માં મળવાથી આયોગનો વર્ષ ૨૦૦૦–૦૧ નો ઓડીટ થયેલ વાર્ષિક હિસાબો વિધાનસભા ગૃહના મેજ ઉપર મુકવામાં વિલંબ થયેલ છે.

GUJARAT ELECTRICITY REGULATORY COMMISSION
Librery
No...............

ગુજરાત વીજળી નિયંત્રક આયોગ

વાર્ષિક હિસાબો
વર્ષ ૨૦૦૦-૨૦૦૧

પ્રથમ માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯

ગુજરાત વીજળી નિયંત્રક આયોગ

પ્રથમ માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ
અમદાવાદ-૩૮૦ ૦૦૯

૧૯૯૮ના વીજળી નિયંત્રક આયોગ અધિનિયમની કલમ ૩૪ અન્વયે આવશ્યકતા પ્રમાણે વર્ષ ૨૦૦૦-૨૦૦૧ માટે આયોગ વાર્ષિક હિસાબો રજુ કરે છે.

એમ. ડી. માંકડ
સચિવ
ગુજરાત વીજળી નિયંત્રક આયોગ વતી,

૨૦૦૦-૨૦૦૧ ના વર્ષ માટેના વાર્ષિક હિસાબો અને ઓડિટ પ્રમાણપત્ર

૧. <u>પ્રાસ્તાવિક</u>

ગુજરાત સરકારે એના તા. ૧૨મી નવેમ્બર, ૧૯૯૮ના જાહેરનામા અન્વયે ૧૯૯૮ના વીજ નિયંત્રક આયોગ અધિનિયમની કલમ ૧૭ હેઠળ ગુજરાત વીજળી નિયંત્રક આયોગ (જીઇઆરસી) ની રચના કરી છે અને તા. ૧-૪-૯૯થી ગુજરાત વીજળી નિયંત્રક આયોગે કામગીરી શરૂકરી છે. અને આ સાથે આ બીજા નાણાકીય વર્ષના હિસાબો રજુ કર્યા છે.

૨. <u>આયોગનું બજેટ</u>

૧૯૯૮ના વીજળી નીયંત્રક આયોગ અધિનિયમની કલમ ૩૩ પ્રમાણે આયોગ અંદાજિત આવક અને ખર્ચ દર્શાવતુ ૨૦૦૦-૨૦૦૧ના નાણાકીય વર્ષ માટેનું એનું અંદાજપત્ર ગુજરાત સરકારે ઠરાવ્યા પ્રમાણે દરેક નાણાકીય વર્ષમાં સમાન સ્વરૂપે અને એજ સમયે તૈયાર કર્યું છે અને રાજ્ય સરકારને એ રજૂ કર્યું છે.

આ બીજું નાણાકીય વર્ષ છે અને આયોગની કચેરી મકાન અને અન્ય સંબંધિત કાર્યો પૂરા કરવાના હોઈ, મુખ્ય સદર-૨૮૦૧ વીજળી-૮૦૦ અન્ય ખર્ચ પેટા-સદર(૮) અન્વયે રૂા. ૨ કરોડની અંદાજીત જોગવાઈ રાખવામાં આવી હતી. અધ્યક્ષ, સભ્યો અને કર્મચારી વર્ગને અથવા તે સંબંધી ચૂકવવા પાત્ર તમામ પગાર અને ભથ્થાં સહિત આયોગનું ખર્ચ ગુજરાતના એકત્રિત નિધિ પર વસૂલ કરવાનું છે.

૩ <u>આયોગનાં હિસાબ અને ઓડિટ</u>

૧૯૯૮ના વીજળી નિયંત્રક આયોગ અધિનિયમની કલમ ૩૬ અનુસાર, ભારતના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ સાથે પરામર્શ કરી રાજ્ય સરકારે ઠરાવેલ એવા સ્વરૂપે આયોગ હિસાબો અને અન્ય સંબંધિત દફતરો જાળવે છે અને હિસાબોના વાર્ષિક પત્રકો તૈયાર કરે છે.

વર્ષ ૨૦૦૦-૨૦૦૧ના નાણાકીય વર્ષ, માટે ભારતના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલે આયોગના હિસાબો ઓડિટ કર્યા છે. આવા ઓડિટ સંબંધી કરેલ ખર્ચ આયોગે ભારતના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલને ચુકવવાના છે.

૧૯૯૮ના વીજળી નિયંત્રક આયોગ અધિનિયમ પ્રમાણે વર્ષ ૨૦૦૦-૨૦૦૧ના નાણાકીય વર્ષ માટે આયોગના હિસાબો ભારતના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની નિયુક્ત ટુકડીએ એનું ઓડિટ કર્યું છે.

વર્ષ ૨૦૦૦-૨૦૦૧ દરમિયાન આયોગને રૂા. ૨ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું હતું. આ સામે, રાજ્ય સરકાર પાસેથી રૂા. ૧.૦૪ કરોડનું અનુદાન મળ્યું હતું. આયોગે કુલ રૂા. ૯૪.૫લાખનું ખર્ચ કર્યું હતું નવેમ્બર ૨૦૦૧ દરમિયાન વર્ષ ૨૦૦૦-૨૦૦૧ના વર્ષના આયોગના હિસાબો રાજ્ય એકાઉન્ટન્ટ જનરલ (ઓડિટ) વર્ગ-૨ એ ઓડિટ કર્યા હતા. આયોગે એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ પાસેથી ડ્રાફટ ઓડિટ અહેવાલ અને ઓડિટ પ્રમાણ પત્ર મેળવ્યાં છે અને તે પરિશિષ્ટ-ખ અને પરિશિષ્ટ - ગ માં અનુક્રમે રજૂ કર્યા છે.

તા. ૩૧ માર્ચ ૨૦૦૧ના પૂરા થતા વર્ષમાટે અમદાવાદના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના હિસાબો અંગે ભારતના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો ઓડિટ અહેવાલ.

૧. પ્રાસ્તાવિક

૧૯૯૮ના વીજળી નિયંત્રક આયોગ અધિનિયમની કલમ ૧૭(૧) અન્વયે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ અમદાવાદની સ્થાપના કરવામાં આવી હતી. તા. ૧૯-૪-૧૯૯૯ થી તેની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

આયોગના હિસાબોનું ઓડિટ ૧૯૯૮ના વીજળી નિયંત્રક આયોગ અધિનિયમની કલમ ૩૪(૩) સાથે વાંચતા ૧૯૭૧ના કમ્પ્ટ્રોલર અને ઓડિટ જનરલના (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમની કલમ ૧૯(૨) હેઠળ કરવામાં આવ્યુ છે.

રાજ્ય સરકાર પાસેથી આયોગને સહાયક અનુદાન દ્વારા નાણાંની વ્યવસ્થા થાય છે. ૨૦૦૦-૨૦૦૧ દરમિયાન આયોગે રૂા. ૯૪.૭૦ લાખ (રાજ્ય સરકાર પાસેથી રૂ. ૯૧.૭૦ લાખ અને નવી દિલ્હીના વીજળી નાણા નિગમ પાસેથી રૂા.૩.૦૦ લાખ) મેળવ્યા છે.

૨. સંસ્થાકીય માળખું

આયોગ અધ્યક્ષ અને બે સભ્યોનું રચવામાં આવ્યુ છે. કચેરીની નિયમિત કામગીરી માટે સચિવ, સંયુક્ત સચિવ, પાંચ નાયબ નિયામકો અને હિસાબ અધિકારી અધ્યક્ષને સહાય કરે છે.

હિસાબ અંગે ટીપ્પણી

૩. વણ વપરાયેલું અનુદાન

૨૦૦૦-૨૦૦૧ના નાણાકીય વર્ષના અંતે આયોગ પાસે રૂા. ૯-૫૪ લાખની ખર્ચાયા વિના સિલક હતી. અને સરકારી હિસાબમાં પરત ભરપાઈ કરવામાં આવી ન હતી. રાજ્ય સરકારે માન્ય કરેલ હિસાબી કાર્યપદ્ધતિ સાથે આ સુસંગત ન હતું.

૪. હિસાબનું સ્વરૂપ

૧૯૯૮ના વીજળી નિયંત્રક આયોગ અધિનિયમની કલમ ૩૪(૧) અનુસાર, ભારતના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ સાથે પરામર્શ કરીને રાજ્ય સરકારે નિયત કાર્ય અનુસાર એ પ્રમાણે આયોગ હિસાબનું વાર્ષિક પત્રક તૈયાર કરશે એપ્રિલ, ૧૯૯૯થી આયોગે કામગીરી શરૂ કરી ત્યારથી બે વર્ષ કરતાં વધુ સમય પછી પણ રાજ્ય સરકારે આવું કોઈ માળખું નિયત કર્યું નથી.

૫. જૂન ૧૯૯૯માં આયોગે આપેલ સૂચનાઓ પ્રમાણે આવું ફોર્મ નિયત થાય ત્યાં સુધી નીચેના મુદ્દા ધ્યાનમાં લઈ આયોગ હિસાબના વાર્ષિક પત્રક તૈયાર કરશે.

(૧) આવક અને ચૂકવણી હિસાબો

(૨) સરકારી હિસાબોમાં જતા કરાયેલ આવકનું પત્રક

(૩) વર્ષ દરમિયાન ખર્ચનું પત્રક

આયોગે માત્ર આવક અને ચુકવણીઓના હિસાબો તૈયાર કર્યા છે.

૬. વર્ષની આવકો અને ચુકવણીઓ હિસાબ સાથે મહત્વની હિસાબી નીતિઓ અને હિસાબો અંગેની નોંધો જોડવામાં આવી ન હતી. વધુમાં, ગત વર્ષના અનુરૂપ આંકડા હિસાબોમાં દર્શાવવામાં આવ્યા ન હતા.

સ્થળ : અમદાવાદ

તારીખ : ૨૧ મે, ૨૦૦૨

સહી

એકાઉન્ટન્ટ જનરલ

AUDIT CERTIFICATE

I have examined the Receipts and Payments Account for the year ended 31 March 2001 of Gujarat Electricity Regulatory Commisssion, Ahmedabad. I have obtained all the information and explanations that I have required and subject to the observations in the appended Audit Report, I certify, as a result of my audit, that in my opinion these accounts are properly drawn up so as to exhibit a true and fair view of the state of affairs of the Gujarat Electricity Regulatory Commission, Ahmedabad, according to the best of information and explanations given to me and as shown by the books of Commission.

Place : Ahmedabad
Date : 21 MAY 2002

(RAGHUBIR SINGH)
PR. ACCOUNTANT GENERAL

ગુજરાત વીજળી નિયંત્રક આયોગ

અમદાવાદ

વર્ષ ૨૦૦૦-૨૦૦૧ના આવક અને ખર્ચના હિસાબો

દ્વિતીય વર્ષ

આવક			ખર્ચ (ચૂકવણી)		
વિગત	મુલ્ય	મુલ્ય	વિગત	મુલ્ય	મુલ્ય
(૧) રોકડ અને બેંક સિલક		૯,૪૮,૩૬૮=૯૦	(૧) ભાડુ, દર અને કરો		૯,૨૪,૨૨૦=૦૦
(અ) બેંક સિલક	૯,૪૧,૦૨૩=૯૦		(ક) ભાડુ (ઓફિસ)	૭,૬૮,૪૫૬=૦૦	
(બ) રોકડ સિલક	૭૩૪૫=૦૦		(ખ) ભાડુ (મકાન)	૧,૫૫.૭૬૪=૦૦	
(૨) રાજ્ય સરકારમાંથી અનુદાન આવક		૯૪૭૦૦૦૦=૦૦			
(૩) કપાત / કર્મચારી તરફથી પરતના માનમા રોકી રાખેલ		૨૦,૨૦૯=૦૦	(૨) પગાર અને વેતન વગેરે		૩૩,૯૯,૨૬૮=૭૮
			(ક) અધ્યક્ષ અને સભ્યો	૧૫,૨૯,૩૩૩=૦૦	
			(ખ) ઓફિસ સ્ટાફ	૧૩,૪૧,૦૬૦=૯૦	
			(ગ) વેતન	૩,૯૫,૦૯૫=૦૦	
(ક) મકાન લોન (જીએસટીસી લી. ફંડયામાં) ના એપ્રીલ ૨૦૦૦ થી માર્ચ ૨૦૦૧	૯૯૯૬=૦૦		(ઘ) ગુ. વી. નિ.આ. નો વિવિધ સંસ્થાઓના નોકરીદાતાનો પ્રોવિડન્ટ ફંડનો સરખો હિસ્સો	૯૦,૮૨૪=૦૦	
(ખ) સી.પી. એફ	૮૮૩૮=૦૦		(ચ) તબીબી સવલતો અને વળતર	૩૩,૮૨૩=૮૮	
(ખ) આવક વેરો અને સરચાર્જ	૧૩૭૫=૦૦		(છ) આવકવેરો અને સરચાર્જ	૯,૧૩૨=૦૦	
			(૩) મુસાફરી અને વાહન ખર્ચ		૪,૩૧,૮૯૦=૭૫
			(ક) મુસાફરી ખર્ચ	૩,૩૩,૪૮૭=૦૦	
			(ખ) મુસાફરી ભથ્થુ	૪૨,૪૪૭=૭૫	
			(ગ) સવારી ખર્ચ	૨૯,૨૩૩=૦૦	
			(ઘ) રજા પ્રવાસ રાહત ભથ્થુ	૨૬,૭૨૩=૦૦	
			(૪) દૂર સંચાર ખર્ચ		૩,૫૦,૩૩૦=૦૦
			(ક) ટેલીફોન ખર્ચ	૩,૩૪,૩૩૮=૦૦	
			(ખ) ટપાલ અને કુરીયર સર્વિસ ખર્ચ	૧૫,૯૯૨=૦૦	

આવક			ખર્ચ (ચૂકવણી)		
વિગત	મુલ્ય	મુલ્ય	વિગત	મુલ્ય	મુલ્ય
			(૫) છાપકામ અને લેખન સામગ્રીનો ખર્ચ		૨,૧૩,૫૪૭=૫૦
			(અ) છાપકામ અને લેખન સામગ્રી અંગેનો ખર્ચ	૧,૧૮,૭૯૩=૦૦	
			(બ) પુસ્તકો અને સામયિક અંગેનો ખર્ચ	૩૮,૫૫૬=૦૦	
			(ક) અખબાર લવાજમ	૫૬,૧૯૮=૫૦	
			(૬) વીજળી બીલ ખર્ચ		૨,૦૬,૨૯૯=૦૦
			(૭) સામાન્ય ખર્ચાઓ :		૧૦,૧૦,૮૭૦=૧૩
			(ક) પરચુરણ ખર્ચ	૧,૩૫,૭૬૬=૨૮	
			(ખ) વાહન નિભાવ ખર્ચ	૧,૭૭,૧૭૫=૯૫	
			(ગ) વાહન વિમા ખર્ચ	૪૧,૭૯૫=૦૦	
			(ઘ) અન્ય ઓફિસ ખર્ચ	૭૬,૩૭૨=૦૦	
			(ચ) જાહેરાત ખર્ચ	૫,૭૯,૭૬૦=૯૦	
			(૮) મુડી ખાતે ખર્ચ		૨,૫૬,૯૩૩=૨૧
			(ક) ફર્નિચર અને ફિક્ચર	૨,૨૫૦=૦૦	
			(ખ) ટેલીફોન વ્યવસ્થા	૨,૦૫,૧૩૦=૦૦	
			(ગ) કોમ્પ્યુટર અને તેની સંલગ્ન વસ્તુઓ	૪૦,૮૭૩=૨૧	
			(ઘ) ઓફિસ સાધનો	૮૬૮૦=૦૦	
			(૯) નિમણુંક અને સલાહકારની ફી અને તે બાબતનો ખર્ચ :		૨૪,૧૪,૨૦૦=૦૦
			(ક) સલાહકાર તજજ્ઞની ફી	૧૭,૨૯,૦૦૦=૦૦	
			(ખ) સેમીનાર અને ટ્રેનિંગ માટે પ્રતિનિધિત્વ ફી	૩૧,૭૦૦=૦૦	
			(ગ) એફ.ઓ.આઈ.આર.વાર્ષિક ફી (ફોરમ ઓફઈન્ડીયા રેગ્યુલેશન)	૧,૦૦,૦૦૦=૦૦	
			(ઘ) કાયદાકીય સલાહકાર ફી	૧,૪૬,૫૦૦=૦૦	
			(ચ) તજજ્ઞ સલાહકારની સેવા ફી	૪,૦૭,૦૦૦=૦૦	

GUJARAT ELECTRICITY REGULATORY COMMISSION Library No.........

આવક			ખર્ચ (ચૂકવણી)		
વિગત	મુલ્ય	મુલ્ય	વિગત	મુલ્ય	મુલ્ય
			(૧૦) જાળવણી અને મરામત અંગેનો ખર્ચ :		૨,૫૮,૬૯૬=૭૦
			(ક) ઓફિસ સાધનો	૯૦,૫૯૫=૫૦	
			(ખ) વાહનો	૯૩,૯૪૦=૨૦	
			(ગ) ફર્નિચર અને ફિક્ચર	૯,૪૭૫=૦૦	
			(ઘ) ઓફિસ મકાન	૬૪,૬૮૬=૦૦	
			(૧૧) થાપણો (વ્યાજ વીના)		૧૮,૦૦૦=૦૦
			(ક) ટેલીફોન વિભાગ	૧૮,૦૦૦=૦૦	
			(૧૨) લોન અને પેશગી તહેવાર પેશગી		૧૫૦=૦૦
			(૧૩) કેશ અને બેન્ક બેલેન્સ		૯,૫૪,૧૭૧=૮૩
			(ક) બેન્ક બેલેન્સ (બેન્ક ઓફ બરોડા)	૯,૫૨,૭૬૪=૩૪	
			(ખ) હાથ પર સિલક	૧૪૦૭=૪૯	
કુલ		૧,૦૪,૩૮,૫૭૭=૯૦	કુલ		૧૦૪૩૮૫૭૭=૯૦

સહી/-
હિસાબી અધિકારી
ગુજરાત વિજળી નિયંત્રક આયોગ
અમદાવાદ.

સહી/-
નાયબ નિયામક (વહીવટ)
ગુજરાત વિજળી નિયંત્રક આયોગ
અમદાવાદ.

સહી/-
સચિવશ્રી
ગુજરાત વિજળી નિયંત્રક આયોગ
અમદાવાદ.